# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: શીતલ વૈશ્નવ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૭-૧૧-૨૦૨૪ ગુરુવાર          સમય : સવારે ૬:૪૫ કલાકે**

---

## રાજ્યમાં સેમીકન્ડક્ટર નીતિનો અમલ:

રાજ્યમાં માઈક્રોન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, સીજી પાવર – રેનેસાસ અને કેયન્સ સેમિકોન જેવી કંપનીઓ સેમિ-કન્ડક્ટર્સ ચીપનું નિર્માણ કરશે. રાજ્યમાં આ ચાર કંપનીઓ અંદાજે એક લાખ 24 હજાર કરોડનું રોકાણ કરશે અને આ પ્રૉજેક્ટ્સ થકી રાજ્યમાં 53 હજારથી વધુ નવી રોજગારીનું સર્જન થશે. એમ રાજ્યના સાયન્સ અને ટેક્નૉલોજી વિભાગની યાદીમાં જણાવાયું છે. કેન્દ્ર સરકારે સેમિ-કન્ડક્ટર અને ડિસ્પ્લે ફેબ્રિકેશન ઇકો-સિસ્ટમના વિકાસ માટે 76 હજાર કરોડનું બજેટ ફાળવ્યું છે. ટેક્નૉલોજીના યુગમાં સેમિ-કન્ડક્ટર્સની માગને પહોંચી વળવા દેશમાં સેમિ-કન્ડક્ટર નીતિ અમલમાં મુકનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે.

- (RNU અમદાવાદ)

---

## શ્રમ અને રોજગાર મંત્રીની બેઠક:

શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં શ્રમ સુવિધા અને સમાધાન પોર્ટલના સુધારા અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠકને સંબોધતા મંત્રીએ કહ્યું કે શ્રમ સુવિધા અને સમાધાન પોર્ટલના સુધારામાં કાર્યક્ષમતા, અસરકારકતા અને ઉપયોગમાં  સરળતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે ટેક્નોલોજી અને ટેકનિકલ સુવિધાઓને અપગ્રેડ કરીને સરકાર દેશભરની સંસ્થાઓ માટે વધુ સુવ્યવસ્થિત અનુપાલન પ્રક્રિયા તરફ આગળ વધી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે આનાથી કામદારો માટે વધુ સારી સેવા વિતરણ અને સુરક્ષાની પણ ખાતરી મળશે.

- (RNU અમદાવાદ)

---

## ખેડૂતો માટે રવિપાક વિશે માર્ગદર્શિકા:

રાજ્ય સરકારની ખેતી નિયામક કચેરીએ રવિ પાકનું વાવેતર કરતાં ખેડૂતો માટે એક વિશેષ માર્ગદર્શિકા જાહેર કરી છે. દિવાળી પછી શરૂ થતી રવિ મોસમમાં ખેડૂતોએ રવિ પાકનું

વાવેતર શરૂ કર્યું છે. જ્યારે કેટલાક ખેડૂતો વાવેતરની તૈયારી કરી રહ્યા છે. જોકે , રાજ્યમાં હાલમાં દિવસ દરમિયાન તાપમાન વધુ રહેવાથી ખેડૂતોએ વાવેતર સમયે વિશેષ સાવચેતી રાખવી જરૂરી છે તેમ માર્ગદર્શિકામાં જણાવાયું છે.

માર્ગદર્શિકા અનુસાર, ખેડૂતોએ શિયાળુ પાકના વાવેતર માટે ચણા, રાઈ, લસણ, જીરું, ઘઉં, ધાણા, ડુંગળી અને મેથી પાકનો ઉચ્ચ ગુણવત્તા ધરાવતો બીજવારો અગાઉથી જ મેળવી લેવો જોઈએ. તેમજ ગરમ તાપમાનના સમયગાળા દરમિયાન રવિ પાકોનું વાવેતર ટાળવાની પણ સલાહ આપવામાં આવી છે.

ખેડૂતો ભારત સરકારની મેઘદૂત મૉબાઈલ એપ્લિકેશનના માધ્યમથી કૃષિ હવામાન માર્ગદર્શિકા સેવાઓ અને આગાહી જાણી શકશે.

- (RNU અમદાવાદ)

---

## સરકારી ભરતીમાં નિમણુક માટે નિયમો:

સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું હતું કે સરકારી નોકરીઓમાં નિમણૂક માટેના ભરતીના નિયમો અધવચ્ચે બદલી શકાશે નહીં.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બેન્ચે જણાવ્યું હતું કે એક વખત ભરતી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં નક્કી કરવામાં આવે તો તેને અધવચ્ચે બદલી શકાય નહીં. બેન્ચે એમ પણ કહ્યું કે, પસંદગી માટેના નિયમો મનસ્વી ન હોવા જોઈએ અને બંધારણની કલમ 14 અનુસાર હોવા જોઈએ.

સર્વોચ્ચ અદાલતે સર્વસંમતિથી જણાવ્યું હતું કે પારદર્શિતા અને બિન-ભેદભાવ એ જાહેર ભરતી પ્રક્રિયાની વિશેષતા હોવી જોઈએ અને અધવચ્ચે નિયમોમાં ફેરફાર કરીને ઉમેદવારોને આશ્ચર્યચકિત ન કરવા જોઇએ.

- (RNU અમદાવાદ)

---

## વિદ્યાસહાયકો માટે અરજી શરૂ:

રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકોની ૧૩ હજારથી વધુ જગ્યા પર ભરતી કરવાની જાહેરાત કરાઈ હતી, જે અન્વયે આજ થી ઓન લાઈન અરજી કરી શકાશે જેની છેલ્લી તારીખ ૧૬મી નવેમ્બર છે. ભરતી અંગેનું ઓનલાઈન આરજી પત્રક vsb.dpegujarat.in પર ભરી શકાશે.

- (NP, શીતલ વૈશ્નવ)

---

## જલારામ જયંતીની ઉજવણી:

સંત શિરોમણી જલારામ બાપાની 225 મી જન્મજયંતિની આજે શ્રધ્ધા પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે . ભુજમાં લોહાણા સમાજ દ્વારા જલારામ મંદિરમાં સવારથી જ વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે . ભુજમાં રવાણી ફળિયા ખાતે જલારામ બાપાનાં સ્થાનકે પરંપરાગત ઉજવણી થશે. અંજાર, ગાંધીધામ, માંડવી, મુન્દ્રા સહિત શહેરો અને ગામોમાં પૂજન - અર્ચન, મહાઆરતી, મહાપ્રસાદ વગેરે કાર્યક્રમોથી વાતાવરણ ગાજતું થશે..

તો, લોહાણા મહાજન દ્વારા જલારામ બાપાની 225મી જન્મજયંતી નિમિત્તે શેઠ કતિરા પાર્ટી પ્લોટ ખાતે 225 કિલોનો બૂંદીનો લાડુ બનાવી ભાવિકો માટે દર્શનાર્થે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, જેનો બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

- (સી. પદ્દણી)

---

## છઠ પૂજાનું સમાપન:

બિહાર સહીતના રાજયોમાં છઠ પુજાનું વિશેષ મહત્વ હોય છે , ત્યારે જીલ્લાના ગાંધીધામ-આદિપુરમાં પણ વસવાટ કરતા ઉતર ભારતના વતનીઓ દ્વારા વિવિધ સ્થળે છઠ પુજાનું પરંપરાગત રીતે આયોજન કરાયું હતું. વિવિધ સ્થળોએ બહેનોએ બહોળી સંખ્યામાં ડુબતા સુર્યને અર્ધ્ય આપી પુજા કરી હતી. તો, આજે સવારે ઉગતા સૂર્યને અર્ધ્ય આપવાની સાથે ચાર દિવસ ચાલનારા છઠ પર્વનું સમાપન થશે.

- (NP, શીતલ વૈશ્નવ)

---